રજુ કર્યા તારીખ : ૨૦/૧૨/૨૦૧૬
દાખલ તારીખ : ૨૦/૧૨/૨૦૧૬
ફેંસલ તારીખ : ૦૭/૦૧/૨૩
અવધી : વર્ષ માસ દિવસ

## અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નં. ૫૦૦૯૭૯૭/૨૦૧૬**

આંક :–

ફરિયાદી : શ્રી સરકાર

**વિ.**

આરોપીઓ : શબ્બીર હસુને બાબુભાઈ શેખ ઉ.વ. ૩૩
રહે. ૨૦૬૪/૧ ઈસ્લામાબાદ સોસાયટી, રામોલ, અમદાવાદ

સરકાર તરફે ફ એ.પી.પી.શ્રી

આરોપીઓ તરફે :

બાબત : ઈ. પી. કો. કલમ ૪૫૭,૩૮૦,૫૧૧મુજબ.

**–: ચુ કા દો :–**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૦૬/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૦૨:૦૦ વાગ્યા થી ૦૨:૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદી ના મ.નં. ૯૦ માધવ પાર્ક વિ– ૨ માધવ સ્કુલ રોડ વસ્ત્રાલ અમદાવદ નો મુખ્ય દરવાજા પાસે ઉભો રહી દરવાજો ખોલવાની કોશીષ કરી નાસી જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ ઈ.પી.કો.કલમ.૪૫૭,૩૮૦,૫૧૧અન્વયે ગુનો રજીસ્ટર કરી,તપાસનીશ અમલદારે તપાસ કરતાં આરોપી વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. **સદર કામે કલમ– ૨૯૯ તથા ૩૫૩ (૬) અન્વયે** કેસની ઈન્સાફી કાર્યવાહી અન્વયે આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને તેની ઉપર આધાર રાખવામાં આવેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગૌતમ રમેશભાઈ પંચાલ | ૦૫ |
| ૨ | ફરીયાદની ખરીનકલ | ૦૬ |
| ૪ | સાહેદ શૈલેષ રમણભાઈ ઠાકોર ની જુબાની | ૦૯ |
| ૫ | પંચનામું | ૧૦ |

૪. સદર કામનાં ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૦૬/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૦૨:૦૦ વાગ્યા થી ૦૨:૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદી ના મ.નં. ૯૦ માધવ પાર્ક વિ– ૨ માધવ સ્કુલ રોડ વસ્ત્રાલ અમદાવદ નો મુખ્ય દરવાજા પાસે ઉભો રહી દરવાજો ખોલવાની કોશીષ કરી નાસી જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ ઈ.પી.કો.કલમ.૪૫૭,૩૮૦,૫૧૧ મુજબનો શીક્ષપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૫. નીચે જણાવેલા કારણોસર ઉપરોકત મુદ્દા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ :–**

૬. પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૦ ૫ થી ફરીયાદી ગૌતમ રમેશભાઈ પંચાલ ને તપાસેલ છે અને તેમણે જણાવેલ છે કે બનાવ ૨૦૧૬ માં બનેલો બનાવ વખતે તેમનો તેમના મકાનમાં સુતા હતા ત્યારે એક અજણ્યા વ્યકિત ને જોતા તેઓએ શંકા જતા એક વ્યકિત ને પકડી લીધેલ જે વ્યકિત તેઓના ઘર બહાર ફરતો હતો જેથી તેઓની પકડી પોલીસ ને સોપેલ

જે વ્યકિત ને તેઓ ઓળખી ન શકે તેણે તેમના ઘરમાં કોઈ ચોરી કરેલ નહી તેણે તેમના ઘરમાં કોઈ ચોરી કરેલ નહી  તેઓએ ફરીયાદ આપેલ જે આંક– ૦૫ થી રજુ છે

સદર કામે આંક– ૦૯ થી શૈલેષ રમણભાઈ ઠાકોર એ જણાવેલ છે કે તા.૦૬/૧૨/૧૬ ના રોજ પોલીસે બોલાવતા તેઓ ગયેલ અને ફરીયાદી એ ગુનાવાળી જગ્યા બતાવતા તેનું પંચનામું કરેલ તેમાં તેઓની સહી છે  પોલીસે તેમના લખાવયા મુજબનું પંચનામું લખી તેમની સહી લીધેલ  તેમ જણાવેલ છે.

૭. પ્રસ્તુત કેસમાં આ કામના આરોપી વિરૂઘ્ધ ફરીયાદીના ઘરમાંથી ચોરી કરેલ હોવા નાં આરોપ સબબ ઈ.પી.કોડ કલમ .૪૫૭,૩૮૦,૫૧૧મુજબનું તહોમત મુકેલ છે.

આ કામે આગળ ચર્ચા કરી તેમ  આરોપી વિરૂઘ્ધનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષે રહેલ છે તે સંદર્ભે આ કામે તપાસેલ ફરીયાદીનાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો કોઈ ચોરી થઈ હોય કોઈ વસ્તુ લઈ ગયેલ હોય તેવો કોઈ આક્ષેપ નથી તથા ગુનાવાળી જગ્યાના પંચનામા માં સાહેદો એ પોલીસ એ લખી ને સહી કરાવેલ તેમ સ્વીકારેલ છે . વધુમાં કેટલા નજરી સાહેદો એ બનાવ સ્થળ થી આરોપી ને પકડેલ હોવાનુ જણાવે છે જયારે કેટલાક સાહેદો એ બનાવ સ્થળે થી કોઈ આરોપી મળી આવેલ નથી તેમ જણાવેલ છે તેવા સંજોગોમાં નજરી સાહેદો ને આરોપી ને બનાવ સ્થળે હાજરી બાબતે સામેસામે ની હકીકત રેકર્ડ પર આવતી હોય તથા કોઈપણ વ્યકિત કોઈ ગુનહીત પ્રવૃતિ કરે ત્યારે જે માર્ગે આવેલ હોય તે જ માર્ગે સ્વાભાવિક રીતે જતો રહે કે સ્થળ ઉપર રાત્રી નિવાસ કરે અને પોતે પકડાઈ જવાની રાહ જોવે તેવા સંજોગોમાં હાલનો આરોપી સ્થળ ઉપર મળી આવેલ બાબતે ના સંજોગો જોતા મહત્વની હકીકતો રેકર્ડ પર આવતી હોય તેવા સંજોગોમાં આરોપી સ્થળ પર મળી આવવા બાબતે બંને તરફની શકયતા રેકર્ડ પર હોય આરોપી ની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે. આરોપીને સંડોવતો કોઈ પુરાવો આપેલ ન હોય,તેવા સંજોગોમાં એ.આઈ.આર.૧૯૮૮ સુ.કો.૭૦૯ માધવરાવ જે સીધીયા વિરુઘ્ધ શંભાજીરાવ સી.અન્જરે ના ચુકાદાનો અભ્યાસ કરતા પારા–૭ મા ઠરાવેલ,છે કે ,It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider  whether it is expedient and in the interest of justice to  permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique

purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state. ઉપરોકત ચુકાદો એ.આઈ.આર.૨૦૧૨,સુ.કો.૪૯.

આમ,સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ઘ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કન્વીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.આમ આ કામે ફરીયાદ પક્ષનાં સાહેદો ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોઈ બનાવ સંબંધે શંકા ઉપસ્થિત થાય છે.જેથી આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.રજુ પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો નથી .જેથી કલમ ૩૫૩(૬) ની જોગવાઈ ઘ્યાને લઈ તેમજ પડેલ પુરાવા આધારે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આ કેસનાં આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે ભા.દં.સંહિતાની કલમ .૪૫૭,૩૮૦,૫૧૧મ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી પુરતા પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી મુકત કરવામાં આવે છે.

(૨) સદર કામે ચોરીની કોશીશ હોય કોઈ વસ્તુ ચોરાયેલ ન હોય મુદામાલ અન્વયે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

(૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીન સી.આર.પી.સી.૪૩૭–એ ની જોગવાઈ અન્વયે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી સહી કરી જાહેર કરેલ છે.

| | |
|---|---|
| અમદાવાદ<br>તા.૦૭/૦૧/૨૦૨૩ | (જતીન શાંતીલાલ શાહ)<br>બીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>અમદાવાદ<br>જીજે.૦૦૯૩૬ |